# બોલિવૂડના ‘મ્યુઝિક સમ્રાટ’ કે કોપી કિંગ?



૯૦ના દાયકાની એ નશીલી સાંજ યાદ કરો. હાથમાં કેસેટ પ્લેયર હોય, પેન્સિલથી રીલ ઠીક થતી હોય અને સ્પીકરમાંથી કુમાર સાનુના અવાજમાં ગીત ગુંજતું હોય -“તું મેરી ઝિંદગી હૈ...” એ સમયે આખું ભારત આ સંગીત જોડીનું દીવાનુ હતું. નદીમ-શ્રવણ એટલે મેલોડીના જાદુગર! પણ શું તમને ખબર છે કે જે ધૂનો પર આપણે દિલ હારી બેઠા હતા, એમાંથી અડધી તો સરહદ પારથી ‘પાર્સલ’ થઈને આવી હતી?

૧૯૯૦માં આવેલી ફિલ્મ ‘આશિકી’એ ઈતિહાસ રચી દીધો હતો. ટી-સીરીઝના માલિક ગુલશન કુમાર આ ગીતોને કોઈ ફિલ્મને બદલે એક આલ્બમ તરીકે રિલીઝ કરવાના હતા. રસપ્રદ વાત એ છે કે ‘આશિકી’ ફિલ્મ માટે ગીતો નહોતા બન્યા, પણ ગીતો માટે ફિલ્મ બની હતી! મહેશ ભટ્ટે આ ધૂનો સાંભળી અને તેમને ફિલ્મ બનાવી.

‘તું મેરી ઝિંદગી હૈ’ આ ગીત ૧૯૭૫ની પાકિસ્તાની ગઝલ ગાયિકા તસવ્વુર ખાનમની ગઝલમાંથી બેઠું ઊઠાવ્યું છે. પાછળથી મહેંદી હસને પણ તેને ગાયેલું. નદીમ-શ્રવણે બસ એમાં ઢોલક અને ઝંકારના તડકા મારીને આપણી સામે પીરસી દીધું.

‘જાને જિગર જાનેમન’ આ ધૂન માટે તો એવું કહેવાય છે કે ગુલશન કુમારે પોતે નદીમ-શ્રવણને બોલાવીને કહ્યું હતું કે, “પેલી પાકિસ્તાની ફિલ્મ ‘દૂરિયાં’નું ગીત ‘બસ એક તેરે સિવા’ સાંભળ્યું છે? બસ, એના જેવું જ કંઈક બનાવી નાખો!” અને બની ગયું હિટ ગીત. ‘ધીરે ધીરે સે મેરી જિંદગી મેં આના’ આમાં તો હદ થઈ ગઈ! આ ગીત પાકિસ્તાન નહીં પણ સાત સમંદર પાર અમેરિકાના સિંગર જોય એન્થનીના ગીત ‘કમ ઈન ટુ માય લાઈફ’ની સસ્તી નકલ છે.

ફિલ્મ ‘ફૂલ ઔર કાંટે’ થી અજય દેવગણે એન્ટ્રી કરી અને તેનું ગીત ‘મૈંને પ્યાર તુમ્હી સે કિયા હૈ’ સુપરહિટ રહ્યું. પરંતુ આ ગીત ૧૯૮૭માં પાકિસ્તાની ગાયિકા મુસર્રત નઝીરના લોકપ્રિય ગીત ‘સપેરો સે મૈં છુપતી’ પરથી કોપી કરવામાં આવ્યું હતું.

**મ્યૂઝિક મોમેન્ટ**

‘બહુત પ્યાર કરતે હૈ તુમકો સનમ’ ગીત ૧૯૭૮ની પાકિસ્તાની ફિલ્મ ‘અબશાર’ના ગીત ‘બહુત ખૂબસૂરત હૈ મેરા સનમ’ પરથી ધૂન લેવામાં આવી છે.

સંજય દત્ત અને પૂજા ભટ્ટની ફિલ્મ ‘સડક’નું ફેમસ ગીત ‘તુમ્હેં અપના બનાને કી કસમ ખાઈ હૈ’ આજે પણ રોમેન્ટિક લોકોનું ફેવરિટ છે, પણ આ કસમ ખરેખર પાકિસ્તાની ગાયિકા મુસર્રત નઝીરના ગીત ‘ચલે તો કટ હી જાયેગા સફર’ પરથી ધૂન લેવાઈ હતી.

એટલું જ નહીં, ‘દિલ હૈ કિ માનતા નહીં’નું ટાઈટલ સોન્ગ હોય કે ‘તૂ પ્યાર હૈ કિસી ઔર કા’ આ બધામાં નુસરત ફતેહ અલી ખાનની ગઝલોની આત્મા ફરે છે. નુસરત સાહેબની લોકપ્રિય ગઝલ ‘મૈં ખ્યાલ હું કિસી ઔર કા’ને તોડી-મરોડીને નદીમ-શ્રવણે સુપરહિટ બનાવી દીધી. ‘મુઝે એક પલ ચૈન ના આયે’ ફિલ્મ ‘જુદાઈ’નું આ ગીત તો નુસરત સાહેબના પ્રખ્યાત ગીત ‘સાનુ એક પલ ચૈન ના આવે’નું હિન્દી વર્ઝન જ છે.

મજાની વાત એ છે કે આટલી બધી નકલો હોવા છતાં, નદીમ-શ્રવણે ૧૯૯૧માં ‘આશિકી’ માટે અને ૧૯૯૨માં ‘સાજન’ માટે બેસ્ટ મ્યુઝિક ડાયરેક્ટરનો ફિલ્મફેર એવોર્ડ જીત્યો હતો. તેમણે બપ્પી લહેરી અને લક્ષ્મીકાંત-પ્યારેલાલ જેવા દિગ્ગજોને હરાવ્યા હતા. કદાચ એવોર્ડ એ વાતનો મળ્યો હશે કે બીજાના માલને પોતાનો કહીને વેચવો એ પણ એક કળા છે! આટલી બધી કોપી હોવા છતાં, એ વાત નકારી શકાય તેમ નથી કે નદીમ-શ્રવણે આ ધુનોને ભારતીય શ્રોતાઓ સુધી એવી રીતે પહોંચાડી કે તે આજે પણ લોકોના દિલમાં વસેલી છે. કુમાર સાનુ, અનુરાધા પૌડવાલ અને અલ્કા યાજ્ઞિકના અવાજે આ ગીતોમાં જીવ પૂરી દીધો હતો. ૧ કરોડથી વધુ કેસેટ્સ વેચાઈ હતી અને ટી-સીરીઝે તો ગણતરી કરવાનું જ બંધ કરી દીધું હતું એટલો ધંધો થયો હતો.

**શું આ માત્ર ચોરી હતી કે પછી સરહદો ઓળંગીને સંગીતને એક કરવાનો પ્રયાસ? તે ચર્ચાનો વિષય હોઈ શકે, પણ એક વાત ચોક્કસ છે કે આ ગીતો વગર આપણું બાળપણ કે જુવાની આટલી સંગીતમય ન હોત!**

શું આ માત્ર ચોરી હતી કે પછી સરહદો ઓળંગીને સંગીતને એક કરવાનો પ્રયાસ? તે ચર્ચાનો વિષય હોઈ શકે, પણ એક વાત ચોક્કસ છે કે આ ગીતો વગર આપણું બાળપણ કે જુવાની આટલી સંગીતમય ન હોત.

આજે ભલે આપણને ખબર પડે કે આ બધું ‘ચોરી’નું હતું, પણ જ્યારે પણ આ ગીતો વાગે છે ત્યારે પગ તો થિરકવા જ લાગે છે.

શું કહો છો, એક વાર ‘આશિકી’ના ગીતો ફરી સાંભળવા છે? બસ, યાદ રાખજો કે એની રસીદ પાકિસ્તાન કે અમેરિકાના નામે ફટાયેલી છે!


શું તમે ક્યારેય વિચાર્યું છે કે આજના ડિજિટલ યુગમાં જો આવી રીતે કોપી થઈ હોત તો ટ્રોલર્સ નદીમ-શ્રવણનો શું હાલ કરે? ●

# મન્સૂર ખાન અને ફિલ્મના ડિસ્ટ્રીબ્યુટર્સની થઇ હતી બબાલ?

આજથી સાડા ત્રણ દાયકા પહેલાં, જ્યારે બોલિવૂડમાં માત્ર એક્શન ફિલ્મોનો ઘોંઘાટ હતો, ત્યારે એક શરમાળ સ્મિત ધરાવતા યુવાને ગિટાર હાથમાં પકડીને ગાયું હતું - ‘પાપા કહેતે હૈ બડા નામ કરેગા...’ અને ખરેખર, એ ફિલ્મે અને એ યુવાને ઈતિહાસ રચી દીધો. ૨૯ એપ્રિલ ૧૯૮૮ના રોજ રિલીઝ થયેલી ‘કયામત સે કયામત તક’ બોલિવૂડની દિશા બદલનારી ફિલ્મ હતી. આ ફિલ્મના પડદા પાછળના એવા કિસ્સાઓ છે જે કોઈ ફિલ્મની સ્ક્રિપ્ટથી કમ નથી.


ખૂબ ઓછા લોકો જાણે છે કે આમિર ખાન હીરો બનવા નહોતો આવ્યો. તે તેના કાકા નાસિર હુસૈનને આસિસ્ટન્ટ તરીકે મદદ કરતો હતો. એક દિવસ દિગ્ગજ લેખક જાવેદ અખ્તરે સેટ પર ખૂણામાં બેઠેલા આ માસૂમ છોકરાને જોયો અને નાસિર સાહેબને પૂછ્યું, ‘આ કોણ છે?’ નાસિર સાહેબે કહ્યું, ‘મારો ભત્રીજો છે, આસિસ્ટન્ટ તરીકે કામ શીખે છે.’ જાવેદ અખ્તરે ત્યારે જ કહ્યું હતું, ‘આ આસિસ્ટન્ટ નહીં, ફિલ્મનો હીરો હોવો જોઈએ!’ આ ઘટનાના થોડા દિવસો પછી જ નાસિર હુસૈને આમિરને પોતાની ફિલ્મનો હીરો જાહેર કરી દીધો અને આમ, બોલિવૂડને તેનો ‘મિસ્ટર પરફેક્શનિસ્ટ’ મળ્યો.

હીરોઈનની શોધ માટે આમિર પોતે ઓડિશનમાં બેઠા હતા. તેમણે જ જૂહી ચાવલાના નામની ભલામણ કરી. તે સમયે જૂહીને બી.આર. ચોપડાની ‘મહાભારત’માં દ્રૌપદીનો રોલ મળી રહ્યો હતો, પરંતુ જૂહીએ ફિલ્મોમાં કરિયર બનાવવા માટે ટીવીમાં કામ ન કર્યું અને ફિલ્મ સાઈન કરી.



**નાસિર હુસૈન હંમેશા આર.ડી. બર્મન સાથે જ કામ કરતા, પણ મન્સૂર ખાને પિતાની પરંપરા તોડીને આનંદ-મિલિંદની નવી જોડીને તક આપી. ઉદિત નારાયણ અને અલકા યાજ્ઞિક માટે આ ફિલ્મ ‘લાઇફ ચેન્જર’ સાબિત થઈ. ‘પાપા કહેતે હૈ’ ગીતમાં આમિરે જે ગિટાર પકડ્યું છે, તે જ ગિટાર વર્ષો પહેલા ‘યાદોં કી બારાત’માં વપરાયું હતું**

શરૂઆતમાં આ ફિલ્મ નાસિર હુસૈન પોતે ડાયરેક્ટ કરવાના હતા, પણ તબિયત બગડતા તેમણે કમાન પુત્ર મન્સૂર ખાનને સોંપી. મન્સૂર આધુનિક વિચારધારા ધરાવતા હતા. તેમણે નાસિર સાહેબની ‘જૂની સ્ટાઈલ’ બદલી નાખી. નાસિર સાહેબ હીરોના પિતા તરીકે શમ્મી કપૂર અને સંજીવ કુમાર જેવા દિગ્ગજોને લેવા માંગતા હતા, પણ મન્સૂરે જીદ કરી કે તે નવા એક્ટર્સ સાથે જ કામ કરશે.



શું તમે જાણો છો કે ‘કયામત સે કયામત તક’ ફિલ્મ માટે બે ક્લાઈમેક્સ શૂટ કરવા પડ્યા હતા. તે સમયે ડિસ્ટ્રીબ્યુટર્સ પ્રેશર કરી રહ્યા હતા કે ફિલ્મ ‘હેપ્પી એન્ડિંગ’વાળી જોઈએ. એટલે કે હીરો-હીરોઈન જીવતા રહેવા જોઈએ. પરંતુ ડિરેક્ટર મન્સૂર ખાન અને આમિર ખાન આ ફિલ્મનો એન્ડિંગ ‘રોમિયો-જુલિયટ’ જેવી ટ્રેજિક ઈચ્છતા હતા. મન્સૂર ખાને તો ત્યાં સુધી ધમકી આપી દીધી હતી કે જો ‘હેપ્પી એન્ડિંગ’ રાખશો, તો ફિલ્મમાં મારું નામ ડિરેક્ટર તરીકે નહીં હોય! અંતે, લેખક રાહી માસૂમ રઝાની સલાહ લેવાઈ અને તેમણે કહ્યું - ફિલ્મને સામાન્ય હિટ કરવી હોય તો હીરો-હીરોઈનને જીવતા રાખો અને જો કલ્ટ ફિલ્મ બનાવવી હોય તો બંનેને મરવા દો.

**ડાયરેક્ટર્સ કટ**

આજના કરોડોના માર્કેટિંગના જમાનામાં આ વાત માન્યામાં નહીં આવે, પણ તે સમયે આમિર ખાન અને રાજ ઝુત્શી મુંબઈના રસ્તાઓ પર જઈને રિક્ષાવાળાઓને વિનંતી કરતા હતા કે, ‘ભાઈ, અમારી ફિલ્મનું પોસ્ટર લગાવોને!’ કેટલીક વાર તો રિક્ષાવાળાઓ તેમને ધૂત્કારી પણ દેતા. જૂહી ચાવલાએ પણ પોતે ઘરની બહાર ઊભેલી ટેક્સીઓ પર પોસ્ટર ચોંટાડ્યા હતા. ત્યારે રિક્ષાવાળાઓને પણ ખબર નહોતી કે આ છોકરા-છોકરી એક દિવસ આખા દેશના દિલો પર રાજ કરશે. નાસિર હુસૈન હંમેશા આર.ડી. બર્મન સાથે જ કામ કરતા, પણ મન્સૂર ખાને પિતાની પરંપરા તોડીને આનંદ-મિલિંદની નવી જોડીને તક આપી. ઉદિત નારાયણ અને અલકા યાજ્ઞિક માટે આ ફિલ્મ ‘લાઈફ ચેન્જર’ સાબિત થઈ. ‘પાપા કહેતે હૈ’ ગીતમાં આમિરે જે ગિટાર પકડ્યું છે, તે જ ગિટાર વર્ષો પહેલા ‘યાદોં કી બારાત’માં વપરાયું હતું.

ફિલ્મની સફળતા માટે આમિર ખાનના લગ્ન રીના દત્તા સાથે થઈ ગયા હોવાની વાત છુપાવવામાં આવી હતી. શું તમે જાણો છો? રીના દત્તા આ ફિલ્મમાં એક ગીતમાં પ્રેક્ષકોની વચ્ચે બેઠેલી પણ જોવા મળે છે!

પંચાવન લાખના ખર્ચે બનેલી આ ફિલ્મે ૫ કરોડથી વધુની કમાણી કરીને સાબિત કર્યું કે સાચી મહેનત અને ક્રાંતિકારી વિચારો હંમેશા ઈતિહાસ રચે છે. ●

# બોલિવૂડની સૌથી મોંઘી કોમેડી ફિલ્મ ‘હાઉસફુલ 5’

બોલિવૂડમાં જ્યારે પણ ‘કન્ફ્યુઝન’, ‘ધમાલ’ અને ‘પાંચ-પાંચ મિનિટે હાસ્યના ફુવારા’ની વાત આવે, ત્યારે એક જ નામ યાદ આવે - હાઉસફુલ! સાજિદ નડિયાદવાલાએ ‘હાઉસફુલ 5’ના શૂટિંગ વખતે જે ધમાલ અને મસ્તી સાથે થઈ છે. આ ફિલ્મ માત્ર મોટી નથી, પણ ‘ગ્રેન્ડ’ છે. ચાલો જાણીએ આ ફિલ્મના પડદા પાછળના એવા કિસ્સાઓ જે ભાગ્યે જ કોઈ જાણે છે.

**પરદે કે પીછે**

ડાયરેક્ટર તરુણ મનસુખાની અને સાજિદ નડિયાદવાલાએ જ્યારે આ ફિલ્મનું પ્લાનિંગ કર્યું, ત્યારે તેમનો એક જ ઉદ્દેશ્ય હતો: બધા જ દિગ્ગજોને એક જ જહાજમાં બેસાડવા. ફિલ્મની સ્ટોરી કોઈ મહેલ કે બંગલામાં કેદ નથી. મેકર્સ આખી ફિલ્મ એક આલિશાન ક્રૂઝ શૂટ કરી હતી. જેના કારણે ફિલ્મનું બજેટ વધી ગયું હતું.

ક્રૂઝ પર શૂટિંગ કરવું એટલું સરળ નહોતું. ઘણીવાર મોટા મોજાને કારણે આખો સેટ હલવા લાગતો. કલાકારો કહે છે કે, અમે એક્ટિંગ તો કરતા હતા, પણ સાથે સાથે Sea Sickness થી પણ બચતા હતા!

છતાં ક્રૂઝ પર સતત 45 દિવસ સુધી આખી કાસ્ટ એકસાથે રહી હતી. આ સમય દરમિયાન દરરોજ રાત્રે ડિનર પછી બધા કલાકારો જૂના ગીતોની મહેફિલ જમાવતા હતા.

આ ફિલ્મ બોલિવૂડનું મિની-રીયૂનિયન છે. અક્ષય કુમાર, રિતેશ દેશમુખ અને અભિષેક બચ્ચનની ત્રિપુટી સાથે નાના પાટેકરનો ‘ગંભીર સ્વેગ’ અને ચંકી પાંડેનો ‘આખરી પાસ્તા’ અવતાર - આ બધું જ એકસાથે જોવું એ દર્શકો માટે લોટરી જેવું છે. આ બધા એક્ટરોને એક સાથે લાવવા માટે ફિલ્મ મેકર્સને ખાસ્સી રાહ જોવી પડી હતી. કેમ કે કોઇ ને કોઈ એક્ટરને ફિલ્મની ડેટ આવી જતી અને શૂટિંગ શરૂ જ ન થઈ શકતું!

શૂટિંગ દરમિયાન સેટ પર જેટલી કોમેડી કેમેરા સામે થઈ, તેનાથી ડબલ કેમેરા પાછળ થઈ છે.

અક્ષય કુમારની જૂની આદત છે - સેટ પર કોઈનો ફોન ચોરી લેવો અને પછી તેના સોશિયલ મીડિયા પરથી વિચિત્ર પોસ્ટ કરવી. લંડન શૂટિંગ દરમિયાન રિતેશ દેશમુખ તેનો શિકાર બન્યો હતો! સેટ પર અક્ષયની શિસ્ત એવી કે સવારે 5 વાગ્યે બધાને જગાડી દે અને મસ્તી એવી કે પેક-અપ સુધી કોઈ થાકે નહીં.

કહેવાય છે કે સેટ પર જ્યારે નાના પાટેકર પોતાના આઈકોનિક અંદાજમાં ડાયલોગ બોલતા, ત્યારે આખું ક્રૂ હસવાનું રોકી શકતું નહોતું. ઈવન અક્ષય કુમાર પણ ઘણીવાર ટેક દરમિયાન હસી પડતો હતો.



**ક્રૂઝ પર શૂટિંગ કરવું એટલું સરળ નહોતું. ઘણીવાર મોટા મોજાને કારણે આખો સેટ હલવા લાગતો. કલાકારો કહે છે કે, અમે એક્ટિંગ તો કરતા હતા, પણ સાથે સાથે Sea Sickness થી પણ બચતા હતા!**

ડાયરેક્ટરના મતે, આ ફિલ્મમાં VFXનો એવો ઉપયોગ થયો છે જે સામાન્ય રીતે આપણે એક્શન ફિલ્મોમાં જોઈએ છીએ. કોમેડીમાં આટલું મોટું બજેટ વાપરવું એ એક સાહસ હતું.

જો તમે તમારા રોજના ટેન્શનને ભૂલીને 2-3 કલાક સતત હસવા માંગતા હોવ, તો ‘હાઉસફુલ 5’ એ જ પરફેક્ટ દવા છે. ફિલ્મની પાછળની મહેનત અને સેટ પરના કિસ્સાઓ જ કહી દે છે કે આ વખતે મનોરંજનનો ડોઝ ઓવરલોડ થવાનો છે. ●